## GUJARATI

**(*Second Language*)**

***Maximum Marks : 80***

***Time Allowed : Three Hours***

---

***Answers to this Paper must be written on the paper provided separately.***

*You will **not** be allowed to write during the first **15** minutes.*

*This time is to be spent in reading the question paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of **two** Sections : **Section A** and **Section B**.*

*Attempt **all** the questions from **Section A**.*

*Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books that you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

### SECTION—A (40 Marks)

*Attempt **all** questions from this Section.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :— [15]

નીચેના વિષયોમાંથી કોઈપણ **એક** વિષય પર **ગુજરાતીમાં** આશરે **૨૫૦** શબ્દોમાં નિબંધ લખો :—

(1) 'હું તમને બચાવું, તમે મને બચાવો'. વૃક્ષોની ઉપયોગિતા, વૃક્ષોનું મહત્ત્વ અને તેને બચાવવાના ઉપાય નિબંધ રૂપે લખો.

(2) તમને નાનપણથી પુસ્તકો વાંચવાની ખૂબ સરસ આદત છે, આ આદત તમને કઈ રીતે પડી? અને કઈ રીતે કામમાં આવી ? 'પુસ્તકો આપણા મિત્ર છે' - તમારા અનુભવ દ્વારા સમજાવો.

(3) 'માતા અને માતૃભાષા માણસના ઘડતર માટે મહત્વના છે' - આ વિધાનની તરફેણ કે વિરૂધ્ધમાં તમારો મત દર્શાવો.

---

**This Paper consists of 12 printed pages.**



© *Copyright reserved.*

(4) '....એ દિવસે મને અન્નનું મહત્વ સમજાયું' - આ વાક્યથી અંત થતી વાર્તા લખો.

(5) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો:—



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :— [7]

નીચેમાંથી કોઈ પણ **એક** વિષય પર આશરે **૧૨૦** શબ્દોમાં **ગુજરાતીમાં** પત્ર લખો :—

(1) હૉસ્ટેલમાં રહેતો તમારો મિત્ર ખોટી સંગતમાં પડી ગયો છે, તેને ભણતરનું મહત્ત્વ અને માતાપિતાની આશા અને મહેનતનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.

(2) તમે નવું લૅપટોપ ખરીદ્યું હતું. પણ આઠ દિવસમાં અચાનક કામ કરતું બંધ થઈ ગયું. તેની ફરિયાદ કરતો પત્ર કંપનીના મૅનેજરને લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words :—

નીચેનો પરિચ્છેદ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો :—

બ્રુસ લી, એક પ્રખ્યાત માર્શલ આર્ટ એક્સપર્ટ, ઇન્સ્ટ્રક્ટર અને એક્ટર હતા. તેમની ફિલ્મોએ દુનિયાભરમાં નામ અને દામ મેળવ્યા હતા અને બ્રુસ લી એક વિશ્વભરમાં પ્રખ્યાત કલાકાર બની ગયા હતા.

બ્રુસ લીએ પ્રખ્યાત બન્યા બાદ પણ પોતાના બાળપણના મિત્રો સાથે સંબંધ જાળવી રાખ્યા હતા. યુવાન વયે મોટી સફળતા મેળવનાર બ્રુસ લીને જોવા અને મળવા હજારોની ભીડ એકઠી થઈ હતી. તેમાં બ્રુસ લીની નજર પોતાના એક બાળપણના મિત્ર પર ગઈ. તે છુપાઈને દૂરથી પોતાના બાળપણના મિત્રને જોઈ રહ્યો હતો. પાસે જવાની હિંમત નહોતી કે આટલા મોટા કલાકાર બન્યા બાદ તે ઓળખશે કે નહિ ? પણ બ્રુસ લીએ સામેથી તેને પાસે બોલાવ્યો અને કહ્યું, 'સાંજે હું તારા ઘરે આવીશ'. મિત્રએ વિચાર્યું કે આમ જ સારું લગાડવા કહે છે, આટલો પ્રખ્યાત કલાકાર થોડો મારા ઘરે આવે, તેને શું યાદ પણ હશે કે મારું ઘર ક્યાં છે ? મિત્ર તો પોતાના ઘરે જતો રહ્યો અને બ્રુસ લી સાંજે તેના ઘરે પહોંચી ગયો.

મિત્ર સાવ ગરીબ હતો. તેના ઘરમાં બ્રુસ લીને બેસવા માટે એક ખુરશી તો શું કોઈ પાથરણું પણનહોતું. બ્રુસ લીને જોઈ મિત્રને વિશ્વાસ ન થયો અને હવે મૂંઝાયો કે શું કરવું ? પણ તેના આશ્ચર્ય વચ્ચે બ્રુસ લી જમીન પર જ બેસી ગયો અને બોલ્યો, 'દોસ્ત, ભૂખ લાગી છે, કંઈ ખાવાનું મળશે ?' મિત્રે ખુશી સાથે એક નાનકડી ડીશ અને જૂના બાઉલમાં સૂપ અને રાઇસ પીરસ્યા. બ્રુસ લીએ પ્રેમથી ખાધા.

મિત્ર રડવા લાગ્યો અને બોલ્યો, 'દોસ્ત, તું આટલો મોટો કલાકાર અને દુનિયાભરમાં પ્રખ્યાત છે. શ્રીમંત અને સમૃદ્ધ છે.... રોજ બત્રીસ પક્વાન જમતો હોઈશ.... છતાં તે મારા ઘરમાં જમીન પર બેસીને સૂપ-રાઈસ ખાધા, આ વાત હું માની જ શકતો નથી, સાચે તું મહાન છે.'

બ્રુસ લી બોલ્યો, 'દોસ્ત, હું મહાન નથી પણ સીધો-સાદો માણસ છું અને એક સાચો મિત્ર છું. હું માનું છું કે સમૃદ્ધિ સાથે આવતી કીમતી વસ્તુઓ કરતાં માણસોનું અને લાગણીઓનું મૂલ્ય વધારે છે. જો આપણે વધુ ને વધુ કીમતી વસ્તુની ઈચ્છા કરશું અને વસ્તુને તેની કિંમતના આધારે સ્વીકારશું અને જેટલી વસ્તુઓની કિંમત વધારતા જશું એટલી આપણી માનવતા અને આપણી લાગણીની કિંમત ઓછી કરતાં જશું. એટલે કોઈ વસ્તુની કિંમત કેટલી છે તે મારા માટે મહત્ત્વનું નથી. મહત્ત્વનો છે તું, તારી અને મારી મિત્રતા અને લાગણી.' મિત્ર બ્રુસ લીને ભેટી પડ્યો.

**પ્રશ્નો:-**

(1) બ્રુસ લી એક પ્રખ્યાત કલાકાર હતા, એવું શા પરથી કહી શકાય ? [2]

(2) બ્રુસ લીએ મિત્રને બોલાવી શું કહ્યું ? મિત્રએ મનમાં શું વિચાર્યું ? [2]

(3) મિત્ર શા માટે રડવા લાગ્યો ? મિત્રને કઈ વાતનું આશ્ચર્ય થયું ? [2]

(4) બ્રુસ લીની દૃષ્ટિએ જીવનમાં કોનું મૂલ્ય વધારે હોવું જોઈએ ? કઈ રીતે ? [2]

(5) મૈત્રીની આવી ઉચ્ચ ભાવના દર્શાવતો પૌરાણિક પ્રસંગ ટૂંકમાં લખી વાર્તાને યોગ્ય શીર્ષક આપો. [2]

**Question 4**

Answer the following questions according to the instructions given below :— [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :—

(1) 'રામબાણ ઉપાય' રૂઢિપ્રયોગ માટે યોગ્ય વાક્ય પસંદ કરો.

(a) સીતાજીને લંકાથી લાવવા રામે રામબાણ મારી ઉપાય કર્યો.

(b) ઉત્તમ સ્વાસ્થ્ય માટે યોગ અને કસરત એ રામબાણ ઉપાય છે.

(c) શ્યામે રામને બાણ મારવાનો ઉપાય શોધ્યો.

(d) રામના નામનું બાણ ચલાવી હનુમાને ઉપાય કર્યો.

(2) 'ટાઢું' - માટે દ્વિઅર્થ જણાવો.

(a) ધીમું - મંદ

(b) ઠંડુ - ચાલ

(c) ઢીલું - લાંબુ

(d) ધીમું - ફાયદો

(3) 'મોટી ઉંમરનાને અપાતું અક્ષરજ્ઞાન', શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(a) વૃદ્ધ શૈક્ષણિક

(b) વૃદ્ધાશ્રમ

(c) પૌઢશિક્ષણ

(d) શિક્ષણ સંસ્થા

(4) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ શોધો.

વિદેશીઓએ <u>માંસાહાર</u> છોડી _______ નો સ્વીકાર કર્યો.

(a) આન્નઓડકાર

(b) નિમાસાહાર

(c) અન્નાહાર

(d) અમાંસાહાર

(5) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલતાં બનતું વાક્ય શોધો.

ગામનો <u>વાણિયો</u> લોકોને લૂટતો હતો.

(a) ગામની વાણિયણ લોકોને લૂંટતી હતી.

(b) ગામની વાણિયાણી લોકોની લૂંટવાની હતી.

(c) ગામની વાણિયાણી લોકોને લૂંટતી રહતી.

(d) ગામનો વાણિયણ લોકોને લૂંટતો હતો.

(6) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) ગાંધીજી સત્ય અને અહિંસાના માર્ગે ચાલ્યા.

(b) ગાંધીજી સાધ્ય અને અહિંસાના માર્ગે ચાલ્યા.

(c) ગાંધીજી સત્ય અને અહિંત્યના માર્ગે ચાલ્યા.

(d) ગાંધીજી સત્ય અને અહિંસના મારગે ચાલ્યા.

(7) નીચેના વાક્યનું ભૂતકાળ દર્શાવતું વાક્ય શોધો.

બગીચામાં સુંદર ફૂલ ખીલે છે.

(a) બગીચામાં સુંદર ફૂલ ખીલતા હતા.

(b) બગીચામાં સુંદર ફૂલ ખીલવાના છે.

(c) બગીચામાં સુંદર ફૂલ ખીલશે.

(d) બગીચામાં સુંદર ફૂલ ખાલી રહ્યાં છે.

(8) દ્રવ્યવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

(a) ઘી, પવિત્રતા, માટી, સુખ

(b) ઘી, પાણી, ગળાશ, ગંગા

(c) ઘી, ગળાશ, પવિત્રતા, ખારું

(d) ઘી, દૂધ, પાણી, રૂપું

**SECTION—B (40 Marks)**

*Questions from only **two** of the following textbooks are to be answered.*

*Attempt **four** questions from this Section.*

*You must answer at least **one** question from each of the **two** books, you have studied and any **two** other questions from the same books that you have chosen.*

## સાહિત્ય ગુર્જરી (કવિતા)

**SAHITYA GURJARI (POEMS)**

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

''રહો છો ત્યાં જોઇ ઘડીકભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઊચરતું.''

**'બનાવટી ફૂલોને'- પ્રહ્લાદ પારેખ**

**'Banavati Phoolone' - Prahlad Parekh**

(1) કાવ્યનો પ્રકાર જણાવી, કવિના એક કાવ્યસંગ્રહનું નામ જણાવો. [2]

(2) કુદરતના ક્યા ક્યા ફેરફારો બનાવટી ફૂલો અનુભવી શકતા નથી ? [2]

(3) બનાવટી ફૂલો અને સાચા ફૂલોના સર્જનહાર કોણ છે ? બંને વચ્ચે કવિએ ક્યા ક્યા તફાવત દર્શાવ્યા છે ? [3]

(4) કુદરતી ફૂલોનો અંત કઈ રીતે આવે છે ? તે પ્રક્રિયા દ્વારા કવિ આપણને શું શીખ આપે છે ? [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

''ઢોલ અને શરણાઈ શેરીમાં વાગિયાં ને
ગામ મને પરણાવી રાજી....''

**'પાંચીકા રમતી'તી- મુકેશ જોષી**

**'Panchika Ramti'ti - Mukesh Joshi**

(1) કાવ્યમાં કઈ અવસ્થા અને કઈ કઈ રમતોનો ઉલ્લેખ કર્યો છે ? [2]

(2) કાવ્યનાયિકા કયા ઝાડ નીચે બેસીને ચિઠ્ઠી લખતી હતી ? ચિઠ્ઠીમાં શું લખવાનું બાકી રહી ગયું ? [2]

(3) કાવ્યમાં લગ્ન સમયે મામા અને કાકી કેવી લાગણી અનુભવી રહ્યાં હતાં ? કન્યાની તેના બાપુ પ્રત્યેની લાગણી કવિતામાં કઈ રીતે વ્યક્ત કરવામાં આવી છે ? [3]

(4) કન્યાની નાવ કોણે ડુબાડી ? કઈ રીતે ? [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

''બોલીએ ના કંઈ,
આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે'વું ચૂપ.
નેણ ભરીને જોઇ લે, વીરા ! વ્હેણના પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ.''

**'બોલીએ ના કંઈ - રાજેન્દ્ર શાહ**

**'Boliye na kain' - Rajendra Shah**

(1) કાવ્યના કવિનો યુગ જણાવો, કવિને કયો પુરસ્કાર પ્રાપ્ત થયો છે તે જણાવો. [2]

(2) કવિ નેણ અને હૃદયને કઈ રીતે કેળવવાનું કહે છે ? [2]

(3) વ્યથાને રજૂ કરવાનું કયું સ્થાન યોગ્ય, અયોગ્ય છે ? કારણો આપી સમજાવો. [3]

(4) 'ચૂપ રહેવામાં મજા છે' વાક્ય સમજાવી, કવિના વિચારો સાથે તમે સહમત થાવ છો ? દુઃખના સમયે તમે કયો અભિગમ અપનાવશો ? [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકીવાર્તાઓ)

## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"કર્તવ્યભાવના ? હું તો એને શ્રીમંતાઈ કહું છું. પેલી શ્રીમંતાઈ તો વસ્તુનો આડંબર હતી, બહારની ચીજ હતી. સાચી શ્રીમંતાઈ તો એ સહુના દિલમાં વસી છે - સંસ્કારની શ્રીમંતાઈ."

**'સંસ્કારની શ્રીમંતાઈ' - કુન્દનિકા કાપડિયા**

**'Sanskarni Shrimantai'- Kundanika Kapadia**

(1) જગમોહનદાસભાઈના પરિવારમાં કેટલા સભ્ય હતા ? તેમના નામો જણાવો. [2]

(2) જગમોહનદાસભાઈને ક્યા ધંધામાં ફટકો પડ્યો હતો ? તેના લીધે તેમના પરિવારને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો ? (કોઈપણ બે મુશ્કેલીઓ લખો). [2]

(3) જગમોહનદાસભાઈના પુત્ર અને પુત્રવધૂને કઈ વાતનો અફસોસ છે ? પરિવાર પર આવી પડેલી મુસીબતમાં પુત્રવધૂ કઈ રીતે પરિવારને સાથ આપવા ઉત્સુક છે ? [3]

(4) 'જગમોહનદાસભાઈના પરિવારમાં ખરા અર્થમાં સંસ્કારની શ્રીમંતાઈ હતી' એવું શા પરથી કહી શકાય ? [3]

**Question 9**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"અડધી જ મિનિટમાં એમણે દેવશંકરને પકડી પાડ્યા : "મને માફ કરો, મહારાજ ! મારી ભૂલ થઈ ! તમે પાછા આવો, નહિ તો...."

**'લાડુનું જમણ' - પન્નાલાલ પટેલ**

**'Ladunu Jaman'- Pannalal Patel**

(1) દેવશંકર માસ્તરના ક્યાં અને ક્યારે પગ થંભી ગયા ? [2]

(2) દેવશંકરને બાળપણની કઈ ટેવ હતી ? તેમને કાકાનું ગોરપદું ક્યારે છોડવું પડ્યું ? [2]

(3) દેવશંકરને નોકરીમાંથી કાઢવા કોણે, શું કાવતરું કર્યું ? દેવશંકરને બીજી નોકરી ક્યાં મળી ? [3]

(4) શંકરલાલને કઈ વાતનો પસ્તાવો થયો ? પોતાની ભૂલ સુધારવા તેમણે શું કર્યું ? [3]

**Question 10**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"તેનો પિતા ઝબકીને જાગી ઊઠતો અને તેના શરીરે હાથ ફેરવતો. એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. માનું મુખ કોઈપણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો."

**'ખરી મા' - રમણલાલ દેસાઇ**

**'Khari Maa'- Ramanlal Desai**

(1) કુસુમાયુધના મનમાં ક્યો પ્રશ્ન હંમેશા રમ્યા કરતો ? એ પ્રશ્નના તેને ક્યા જુદા જુદા જવાબો મળતા ? [2]

(2) કુસુમાયુધને નવી માએ ક્યા નામથી સંબોધવાનું કહ્યું ? કુસુમાયુધને અપરમા પોતાની સગી મા જેવી કેમ નથી લાગતી ? [2]

(3) કુસુમાયુધને ઉછેરવા અપરમાએ ક્યા પ્રામાણિક પ્રયત્નો કર્યા ? [3]

(4) દરેક બીમારીનો ઇલાજ દવા નથી હોતો - તે વાત કુસુમાયુધના પાત્ર દ્વારા કઇ રીતે રજૂ થઈ છે ? [3]

## 'વાંસનો અંકુર' - ધીરુબહેન પટેલ

## VANSANO ANKUR - DHIRUBEN PATEL

**Question 11**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

બાપા એક વાત કહું ? જુઓ, આ કાગળ આ નોકરી કોને મળી છે જાણો છો ? મને, કેશવને. રમણીકલાલની દીકરીના દીકરાને નહીં સમજ્યા ? ત્યાં જઇને હું જે કમાવ તે પાછું ઠેલવાનો કોઈ અર્થ નથી સમજ્યા ? હવે હું તમારું કઈ સાંભળવાનો નથી સમજ્યા ?

(1) કેશવને ક્યાં નોકરી મળી હતી ? નોકરી પર જવા પહેલા તે મોતીલાલની આર્થિક સંકડામણ કઈ રીતે દૂર કરે છે ? [2]

(2) મોતીલાલને કેશવમાં કોની છબી દેખાય છે ? ક્યારે ? [2]

(3) નોકરી પર જવા પહેલા કેશવ ક્યા ક્યા કામો પૂરા કરે છે ? [3]

(4) ઘર છોડીને જતા કેશવમાં રમણીકલાલને પોતાના ક્યા ભૂતકાળના દર્શન થાય છે ? [3]

**Question 12**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

કાળી ઇમ્પાલા પાંખોવાળા અજગરની જેમ ઉડતી જતી હતી બહારના દ્રશ્યો ઝડપથી બદલાતા હતા.

(1) રમણીકલાલ ગાડીમાં કઈ રીતે મુસાફરી કરતા ? ડ્રાઇવરને તેઓ કઈ સૂચના આપતા ? [2]

(2) રમણીકલાલના પરિવારનો પરિચય આપો ? [2]

(3) ચેમ્બુર શા માટે ગયો ? ત્યાંની સુંદરતાનું વર્ણન કરો ? [3]

(4) સુવર્ણાનો પરિચય આપી, કેશવને તે કેવી લાગી ? [3]

**Question 13**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

કેશવને આ આરામખુરશી બહુ ગમતી. પણ એ ભાગ્યે જ વપરાતી. રમણીકલાલના દેખતા કોઈ અડેલીને બેસી શકતું નહીં અને રમણીકલાલ પોતે હંમેશા ટટ્ટાર બેસવામાં માનતા.

(1) રમણીકલાલે કોના માટે ક્યા ડૉક્ટરને ફોન કર્યો ? [2]

(2) માંદગી વખતે રમણીકલાલના ઘરે માંદા માણસ માટે ક્યા ક્યા નવા બંધનો આવી જતા ? [2]

(3) રમણીકલાલે ડૉક્ટરને બોલાવવા ફોન કર્યો એ પછી કેશવ ડૉક્ટર વિશે શું વિચારવા લાગ્યો? [3]

(4) આરામખુરશીમાં લંબાવ્યા પછી કેશવને કેવું લાગ્યું ? [3]

## એકાંકી ગુર્જરી

**[EKANKI GURJARI]**

**Question 14**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

અબઘડી ઇને ભગાડી મેલું છું. તમે કાળા અડદ, કાળા તલ અને કંકુ લાવો. એક કાળું લૂગડું લાવો અને પાણીનો કળશિયો લાવો.

**'વૃક્ષ' - લાભશંકર ઠાકર**

**'Vruksh' - Labhshankar Thakar**

(1) એકાંકીના પિતા-પુત્રીના નામ જણાવી, વરસાદી મોસમમાં અચાનક કઈ ઘટના ઘટી ? [2]

(2) ભૂવો કોણ હતો ? ભૂવાએ કઈ તાંત્રિક વિધિ કરી ? [2]

(3) મિસ દારૂવાલાનો પરિચય આપી, તે કયા કારણોસર ઘરે આવ્યા હતા ? ઘરના સભ્યો સાથે તેમની વાતચીત તમારા શબ્દોમાં લખો. [3]

(4) વૃક્ષને કાપવાની જરૂર કેમ પડી ? તે દ્વારા લેખક આપણને કયું સત્ય રજૂ કરે છે ? [3]

**Question 15**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"ના મા, ના મને એવું કહી પાપમાં ન નાખશો. પણ હું ક્ષત્રિય ન બની શક્યો. સૂતના ઘરમાં ઊછર્યો, સુતના જાત- સંસ્કારો પામ્યો. મને પોતાને જ હીન ગણતા હું શીખ્યો. લઘુ નહીં છતાં લઘુતાભાવે મને ગ્રસી લીધો, તેજ હોવા છતાં તેજોહીન, તમસ નહીં છતાં તમસાવૃત્ત મને કોણે કર્યો? તમારા ત્યાગે, મા !"

**'કુંતી અને કર્ણ' - મનુભાઈ પંચોળી**

**'Kunti ane Karna' - Manubhai Pancholi**

(1) લેખકને ભારત સરકાર દ્વારા કયા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા? આ દૃશ્ય ક્યા નાટકમાંથી લેવામાં આવ્યું છે ? [2]

(2) કુંતી કર્ણ પાસે આવવાના કયા બે કારણો આપે છે ? [2]

(3) કૃષ્ણના મતે ક્ષત્રિય કોણ છે ? કર્ણ દુર્યોધનના કયા કયા ઉપકારો ગણાવે છે ? [3]

(4) કર્ણના જીવનની કરુણતાનું વર્ણન કરી, એકાંકીના અંતની ચર્ચા કરો. [3]

**Question 16**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

જીન : જેવો હુકમ, માલિક.

(જીન નીચે બેસી બૂટની દોરી છોડવાનું શરૂ કરે છે એને અધવચ્ચે અટકાવી)

અધિકાર : છોડેલી દોરી ફરી બાંધી દે....

જીન : જેવો હુકમ, માલિક.

**'હુકમ માલિક' - ચિનુ મોદી**

**'Hukum Malik' - Chinu Modi**

(1) લેખક ચિનુ મોદીનો પરિચય લખો. [2]

(2) અધિકાર જીનને કોના જેવું હાસ્ય કરવાનું કહે છે ? [2]

(3) જીને કઈ કઈ બાબતમાં અધિકાર માટે સ્વર્ગ ઊભું કર્યુ છે ? [3]

(4) ક્યા ક્યા સવાલો પછી અધિકારના ગળામાં શોષ પડવા લાગ્યો ? તેણે જીન પાસે શું મંગાવ્યું ? [3]